# સુરત મહાનગર પાલિકા



## નગર રચના યોજના, સુરત નં. ૭૪ (પાલ) નો મુસદ્દો પ્રસિદ્ધ કરવા બાબત

## અધિસૂચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ ની કલમ-૪૨(૧) અને અધિનિયમનાં નિયમો-૧૯૭૯નાં નિયમ-૧૮ અન્વયે તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

ઉત્તરે :પ્રિલીમીનરી સ્કીમ નં. ૧૪(પાલ), ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં. ૧૬(પાલ) અને ભાઠા ગામની હદ.

દક્ષિણે :તાપી નદી અને ભાઠા બેટ ગામની હદ

પશ્ચિમે :ભાઠા તથા ભાઠા બેટ ગામની હદ

પૂર્વે : ફાયનલ ટી.પી.સ્કીમ નં. ૧૦ (અડાજણ), પ્રિલીમીનરી ટી.પી. સ્કીમ નં. ૧૪ (પાલ) અને ટી.પી.સ્કીમ નં. ૩૧ (અડાજણ)

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટિસ બોર્ડ પર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં ઉપરોક્ત અધિસુચન પ્રસિદ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યક્તિ આ યોજના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિતમાં કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાને લેશે.

નં. પી આર ઓ / ૩૩૬
તા. ૦૫/૧૦/૨૦૦૮-૦૯

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા